જીએસટીથી લાભ કે નુકસાન

## સાચું કોણ ?

## જીએસટી મામલે નાણાં પ્રધાન સાચા કે ફાયનાન્સ સેક્રેટરી? બંનેના નિવેદનોમાં ભારે વિરોધાભાસ

# નીતિન પટેલ કે અરવિંદ અગ્રવાલ?

## જીએસટીથી ધંધા રોજગારને નુકસાન છતાં સરકારને તેની આવકની જ ચિંતા છે

ગાંધીનગર, તા. ૦૨

કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં જીએસટીનો અમલ શરૂ કરાયાને બે વર્ષ થયા છે. ત્યારે નાણાં પ્રધાન અને નાણાં સચિવ વચ્ચે ગુજરાતની આવક અંગે વિવાદ ઊભો થયો છે. નાણાં પ્રધાન કંઈક કહી રહ્યા છે અને નાણાં સચિવ કંઈક જુદું કહી રહ્યા છે. આમ પ્રજા વેરો ચૂકવી રહી છે તેમાં સરકારને ફાયદો થયો છે કે નુકસાન થયું છે તે અંગે રૂપાણી સરકારમાં એક મત ન હોવાનું બહાર આવ્યું છે. એક તરફ જીએસટી બાદ ધંધા રોજગાર ભાંગી પડ્યા છે અને ભારે નુકશાન થયું હોવાની વિગતો સામે આવી રહી છે ત્યારે સરકારી આંકડામાં જોવા મળતો વિરોધાભાસ ગંભીર માની શકાય.



### જીએસટી અને વેટની આવક વધીને ૬૩૫૫૦ કરોડ થઈ

ગુજરાતમાં જીએસટી અને વેટની આવક વધીને ૬૩૫૫૦ કરોડ રૂપિયા થઈ છે, જો કે આવકમાં સૌથી મોટો હિસ્સો પેટ્રોલિયમ પેદાશો પર લાદવામાં આવેલા વેલ્યુ એડેડ ટેક્સ (વેટ)નો છે. જાણીને આશ્ચર્ય થશે કે વેટના કારણે સરકારને ૨૧૮૮૦ કરોડ રૂપિયાની માતબર આવક થઈ છે. જ્યારે જીએસટીની આવક ૪૪૯૩૭ કરોડ છે, જેમાં ૪૦૦૦ કરોડનું નુકશાન છે. રાજ્ય વાણિજ્ય કર વિભાગના આંકડા પરથી માહિતી મળી છે કે રાજ્ય સરકારને છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેન્દ્ર તરફથી કુલ ૯૮૩૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. જીએસટીના કારણે આવક ઘટી હોય તેવા રાજ્યોમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક અને તામિલનાડુ જેવા રાજ્યો છે, કારણ કે આ રાજ્યો ઔદ્યોગિક વિકાસ કરી રહ્યાં છે અને દેશના અન્ય રાજ્યોમાં માલનું વેચાણ કરી રહ્યાં છે.

**શું છે વિવાદ? :** નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે જીએસટી-ગુડ્ઝ સર્વિસ ટ્રેક્સ – માલ સેવા કરથી રાજ્યને નુકશાન થઈ રહ્યું હોવાની જાહેરાત ગઈકાલે અમદાવાદમાં કરી હતી. પણ આજે ફાયનાન્સ સેક્રેટરી અરવિંદ અગ્રવાલે તેમના બોસ નીતિન પટેલની હાજરીમાં જ એ વાત ખોટી ઠેરવતા સરકાર છોભીલી પડી ગઈ છે. વિધાનસભામાં આજે બજેટ રજૂ કરાયા બાદ નાણા પ્રધાન નીતિન પટેલ દ્વારા પત્રકાર પરિષદ યોજાઇ હતી. આ પત્રકાર પરિષદમાં જીએસટીથી રાજ્યને કેટલું નુકશાન થઈ રહ્યું છે તે અંગેનો સવાલ પુછવામાં આવ્યો હતો. જેમાં નાણા પ્રધાનનું જુઠાણું ખૂલ્લું પડી ગયું હતું.

**શું કહ્યું હતું નાણાં પ્રધાને? :** સોમવારે અમદાવાદ ખાતે જીએસટીના રોલ આઉટ (અમલીકરણ)ની બીજી વર્ષગાંઠ પ્રસંગે ઉદ્યોગો અને ટેક્સ પ્રેક્ટિશનરોના પ્રતિનિધિઓ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણાં પ્રધાન નીતિન પટેલે જાહેર કર્યું હતું કે, જીએસટીરોલઆઉટથી ગુજરાત રાજ્યને ૪૦૦૦થી ૫૦૦૦ કરોડનું જંગી નુકશાન થાય છે. આ રકમની ભરપાઈ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા નિયત રકમની ફાળવણી કરવામાં આવે છે. ગુજરાત તરફથી આ નુકશાન અપ્રત્યક્ષ રીતે અન્ય રાજયોની અર્થ વ્યવસ્થાને પ્રોત્સાહન આપી રહ્યું હોવાનું પણ તેમણે કહ્યું હતું. જીએસટી એક ગંતવ્ય કર હોવાથી, તે એવું રાજ્ય છે જ્યાં માલ અથવા સેવાઓ વેચવામાં આવે છે જે કરવેરા મેળવે છે અને તે રાજ્ય કે જ્યાંથી માલ અને સેવાઓ ઉત્પન્ન થતી નથી. ગુજરાત મુખ્યત્વે મેન્યુફેક્ચરીંગ રાજ્ય છે, તેના લીધે તેની આવકમાં ઘટાડો થઈ રહ્યો છે. જીએસટી હેઠળની કુલ આવક રૂ. ૪૪,૦૦૦ કરોડની હતી, જ્યારે બિન નિયમિત ચીજો પર વેલ્યૂ એડેડ ટેક્સ (વેટ)ની આવક રૂ. ૨૧,૦૦૦ કરોડની હતી.

**શું કહ્યું નાણાં સચિવે? :** નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે નાણાં પ્રધાન નીતિન પટેલની ઉપસ્થિતિમાં પત્રકારોની હાજરીમાં જણાવ્યું હતું કે, જીએસટીના કારણે રાજ્યના બજેટ ઉપર કોઈ અસર પડતી નથી. જીએસટીથી રાજ્યને કોઈ નુકશાન નથી. જીએસટીના લીધે રાજ્યના બજેટ ઉપર કોઈ અસર પડી નથી. કેન્દ્ર સરકાર દ્વારા રાજયમાંથી વસૂલાતા માલ સેવા વેરાની રકમ પેટે નિયત રકમમાંથી ગુજરાતને પાર્ટ આપવામાં આવે છે. આ રકમમાં દર વર્ષે ૧૪ ટકાનો વધારો કરવામાં આવે છે. જેના કારણે રાજ્યના બજેટ ઉપર તેની કોઈ અસર પડતી નથી. અરવિંદ અગ્રવાલે જણાવ્યું હતું કે જીએસટીના અમલીકરણથી ગુજરાત રાજ્યની બંધ થયેલી આવકમાં જે ૪૦૦૦થી ૫૦૦૦ કરોડનું નુકશાન થઈ રહ્યું છે, જે નુકશાનની રકમની ભરપાઈ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. એટલું જ નહીં કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને થતાં આ નુકશાનની રકમમાં દર વર્ષે ૧૪ ટકાનો વધારો કરીને ચુકવણી કરવામાં આવે છે. જેને લઈને ગુજરાતના બજેટ ઉપર કોઈ ખાસ મોટી અસર પડી શકે તેમ નથી.

છેલ્લા પાનાનું અનુસંધાન

**શાંતિપૂર્ણ....**

કે પાલિકા, વીજ વિભાગ સાથે સંકલન કરી એક આખી ટીમ તૈનાત રાખવામાં આવશે એમ ગેહલોતે ઉમેર્યું હતું. પોલીસ વિભાગની તૈયારીઓ અંગે માહિતી આપતાં પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, રથયાત્રા દરમિયાન ચુસ્ત બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક જોઈન્ટ પોલીસ કમિશનર, પાંચ ડીસીપી, ૧૨ એસીપી, ૩૦ પોલીસ ઈન્સ્પેક્ટર, ૧૨૨ પીએસઆઈ, ૨૧૦૦ પોલીસ કર્મચારીઓ, ૬૦૦ હોમગાર્ડ ઉપરાંત રેપિડ એક્શન ફોર્સની કંપની અને એસઆરપીની પાંચ કંપની તેમજ સીઆરપીએફની એક કંપની બંદોબસ્ત જાળવશે. સંવેદનશીલ વિસ્તારોમાં ૪૦ જેટલા હાઈરાઈઝ પોઈન્ટ ઉપર બાયનોક્યુલર સાથે પોલીસ જવાનો તૈનાત રહેશે, જ્યારે માઉન્ટેન પોલીસની ૮ ટીમો ઘોડેસવારી કરી પેટ્રોલિંગ કરશે એમ ગેહલોતે વધુમાં ઉમેર્યું હતું. રથયાત્રાના બંદોબસ્તની તૈયારીના ભાગરૂપે આજે સવારે અને સાંજે ફલેગ માર્ચ તેમજ ફૂટ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્થાનિક પોલીસની સાથે મળી અર્ધલશ્કરી દળોના જવાનો ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં જશે એમ પત્રકારોને માહિતી આપતાં પોલીસ કમિશનરએ જણાવ્યું હતું.

**વસઈ-વિરાર....**

સુધઈ,બીકાનેર-બાન્દ્રા રણકપુર એક્સપ્રેસને દહાણુ રોડ સુધી દોડવાને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી.આમ આજે સતત બીજા દિવસે ૧૧ ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી હતી.આ ઉપરાંત મુંબઈસેન્ટ્રલ-ફીરોજપુર જનતા એક્સપ્રેસ, મુંબઈ-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ,બાંન્દ્રા-ઝાંસી એક્સપ્રેસ,મુંબઈ સેન્ટ્રલ-હજરત નિઝામુદીન ઓગષ્ટ ક્રાંતી રાજધાની એક્સપ્રેસ અને જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસને રીશિડ્યુલ કરવામાં આવી હતી.જ્યારે તીરૂનાવેલ્લી-ઓખા એક્સપ્રેસ તેમજ સીકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસને દૌંડ,મનમાડ,જળગાવ,સુરતના માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

**મેઘરાજાના....**

તાપમાનનો પારો સામાન્ય ઉંચો જવાની સાથે ભેજનુ પ્રમાણ વધતા ઉકળાટથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.જોકે, વરસાદની એન્ટ્રી થતાની સાથે શહેરમાં ઠેરઠેર છત્રી તેમજ રેઈનકોટનુ વેચાણ શરૂ થઈ ગયુ છે. હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આજે મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી સેન્ટીગ્રેડ અને લઘુત્તમ તાપમાન ૨૬.૬ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયુ હતુ. સવારે હવામાં ભેજનુ પ્રમાણ ૮૬ ટકા જે સાંજે ૬૨ ટકા જ્યારે હવાનુ દબાણ ૯૯૯ મિલીબાર્સ અને દક્ષીણ-પશ્ચિમ તરફ ફૂંકાયેલા પવનની સરેરાશ ગતી પ્રતિકલાકના ૯ કી.મી. નોંધાઈ હતી.

**અકોટાબ્રિજ....**

ખુડદો બોલાઈ ગયો હતો. દરમિયાન પુરઝડપે દોડતી વૈભવી કાર ધડાકાભેર ભટકાતા જ રાહદારીઓ તેમજ બ્રિજ પર બેઠેલા લોકોમાં ગભરાટના કારણે દોડધામ મચી હતી જેના કારણે બ્રિજ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. બીજીતરફ કાર પાળી સાથે ભટકાતા જ કારની એરબેગ ખુલી ગઈ હતી જેમાં કારચાલક તેમજ તેની બાજુમાં બેઠેલા ટાઈગરને મુઢ માર વાગ્યો હતો પરંતું તેઓનો ચમત્કારી બચાવ થયો હતો. આ ઉપરાંત કારમાં પાછળની સીટ પર બેઠેલા અઝીમ અને રોનકનું મોંઢા જોશભેર કારમાં ભટકાતા તેઓને ઈજા પહોંચી હતી અને તેઓ લોહીલુહાણ થયા હતા. આ બનાવના પગલે ચારેય મિત્રો કારમાંથી ઉતરીને રીક્ષામાં બેસીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ગયા હતા. મળતી વિગતો મુજબ અઝીમને આંખની ઉપર અને ગાલ પરઈજાઓ પહોંચતા તેને ૬૦ જેટલા ટાંકા લેવા પડ્યા હતા જ્યારે રોનકને પણ મોંઢા પર સારવાર કરાવવી પડી હતી અને તેઓને ડોક્ટરે રજા આપી હતી. બીજીતરફ આ બનાવની જાણ થતાં રાવપુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પોલીસે કારને સાઈડમાં ખસેડીને ટ્રાફિક પુર્વવત કર્યો હતો. અકસ્માત બાદ એક વાત એવી પણ વહેતી થઈ હતી કે બ્રિજ પર બે કુતરા લડતા લડતા અચાનક કારની આગળ આવી ગયા હતા. આ દરમિયાન આગળ પસાર થઈ રહેલા એક બાઈકચાલકને બચાવવાનો કારચાલકે પ્રયાસ કરતા કાર પાળી સાથે ભટકાઈ હતી.

બનાવની બીજા દિવસે પણ રાવપુરા પોલીસ મથકમાં કોઈ જ ફરિયાદ નહી નોંધાતા પોલીસ કામગીરી પર અનેક સવાલો ઉભા થયા છે. જો કારની અડફેટે કોઈ નિર્દોષ વાહનચાલક કે રાહદારી આવી ગયુ હોત તો કારની સ્પીડ જોતા તે કદાચ બચી શક્યો ના હોત તેની પુરેપુરી સંભાવના હતી. ઉલ્લેખનીય છે કે શહેર પોલીસ કમિ.એ વાહનો માટે ગતિમર્યાદા નક્કી કરી છે અને તે મર્યાદામાં વાહન હંકારવાનું જાહેરનામુ બહાર પાડ્યું છે. જોકે આ જાહેરનામાનો કડકાઈથી અમલ થતો ન હોઈ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ગઈ કાલથી સ્પીડ લેઝર ગનથી ઓપરસ્પીડે જતા વાહનચાલકોને શોધીને તેઓની પાસેથી રોકડ દંડ વસુલ કરવાની શરૂઆત કરી છે. જોકે ટ્રાફિક પોલીસે ગઈ કાલથી શરૂ કરેલા અભિયાનના ગણતરીના કલાકોમાં જ ૧૧૦ની સ્પીડે કાર હંકારવાનો બનાવ બનવા છતાં પોલીસ તંત્રએ ભેદી મૌન સેવ્યું છે.

**ચેક રીટર્નના....**

દાખલ કર્યો હતો. કોર્ટે સુનાવણી દરમિયાન બંને પક્ષોના વકીલોની દલીલો સાંભળ્યા બાદ સરકારી વકીલ એચ.પી.ભટ્ટની દલીલો ધ્યાને લઈને આરોપી પ્રશાંત ઠક્કરને કસૂરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી ફરિયાદીને વળતર પેટે રૂ.૨ લાખની રકમ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

**લાંચીયા....**

કરાવી રૂ.૧ લાખની લાંચ પૈકી રૂ.૩૦ હજારની લાંચ લેનાર ફરાર પીઆઈ ડી.કે.રાવે પોતાની આગોતરા જામીનઅરજી સેશન્સ કોર્ટમાં મુકી છે. આ અરજીની વિરુદ્ધમાં લાંચ રૂશ્વત બ્યૂરો વિભાગે આજે કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યુ હતું અને કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી પીઆઈ ડી.કે.રાવ રાજ્ય સેવક કલાસ-ર અધિકારી છે અને પોતાની ફરજ દરમિયાન લાંચ લેવાનો ગંભીર ગુનો આચર્યો છે. રૂ. ૩૦ હજારની લાંચ લીધાની ફરિયાદીએ રજૂ કરેલી સીડીમાં આરોપીના દશ્યો-સંવાદો અને હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણા સ્વીકારાયેલા હોવાનું જોવાય-જણાય છે અને બાકીના નાણા ૭૦ હજાર આપી જવાનું પણ વાતચીત કરી હોવાનું જણાય છે તથા આરોપી પીઆઈ ડી.કે.રાવે પોતાના પોલીસ મથકમાંથી ચેમ્બરમાં રૂપેશ પટેલ સાથે વાતચીત કરી લાંચની રકમ લઈને પોતાના ખિસ્સામાં મૂકતાં ઓડિયો-વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે. આરોપી ડી.કે.રાવ ગત તા.૩૦મી જૂને વયનિવૃત્ત થયેલા હોવાથી ગમે ત્યાં ભાગી જાય તેવી શક્યતા છે. પોલીસ ખાતામાં ફરજ બજાવેલી હોવાથી તપાસ કાર્યવાહીથી જાણકાર છે અને ગુનામાં સાક્ષી-પુરાવાઓ સાથે ચેડાં થવાની શક્યતાઓ રહેવા સાથે પોતાના બચાવમાં ખોટા પુરાવાઓ ઊભા કરે તેવી શક્યતાઓ રહેલી છે તેમજ ગુનાની તપાસ હાલમાં નિર્ણાયક તબક્કામાં હોવાથી જો આરોપીની આગોતરા જામીનઅરજી મંજૂર કરાય તો તપાસમાં અવરોધ ઊભો થશે અને ગુનાના મૂળ સુધી પહોંચી શકાશે નહીં તેમ સોગંદનામામાં જણાવ્યું છે.

**કોર્પોરેશનમાં....**

જ્યારે વિવાદાસ્પદ બનેલ ટીડીઓ વિભાગના નીલેશ પરમારને વોર્ડ નં.રમાં, કાજલ પટેલને પાર્કસ એન્ડ ગાર્ડનમાં મુકાયા છે.આ ઉપરાંત ૧૨ એડિશનલ આસિસ્ટન્ટ ઈજનેરોની બદલી કરાઈ છે. જેમાં જયરાજ પટેલ, પ્રભુદાન ગઢવી, ગૌતમ શર્મા, રવિ ગાંધી, સુનીલ મહાલા, ધ્રુવ ચૌહાણ, યજ્ઞેશ ઉપાધ્યાય, શૈલેષ પ્રજાપતિ, રાજેશ મિસ્ત્રી, કેયૂર મિસ્ત્રી, સંજય શાહ અને સોહમ પટેલનો સમાવેશ થાય છે. જેમાં ટીડીઓ જયરાજ પટેલને રોડ પ્રોજેકટમાં, પ્રભુદાન ગઢવીને પાર્કસ એન્ડ ગાર્ડનમાં, રવિ ગાંધીને વોર્ડ નં.૪માં, સુનીલ મહાલાને વોર્ડ નં.૧માં, યજ્ઞેશ ઉપાધ્યાયને બ્રિજ પ્રોજેકટમાં રાજેશ મિસ્ત્રીને વોર્ડ નં.૫માં અને સંજય શાહને સોલિડવેસ્ટમાં મુકાયા છે.

પહેલા પાનાનું અનુસંધાન

**"જોગવાઈઓ"ના જોરે...**

આ ઉપરાંત જગતના તાતને મદદરૂપ થવા આવતા વર્ષની અષાઢી બીજ સુધીમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ અમે ૧.૨૫ લાખ ખેડૂતોની પડતર અરજીઓનો નિકાલ કરી તેમને વીજજોડાણો આપવામાં આવશે તેવી જાહેરાત નીતિન પટેલે કરી હતી.

**૩ વર્ષમાં ૬૦ હજારની...**

પ્રગતિમાંઃ ૧૮૮૦ કરોડની જોગવાઈ

થરાદથી સીપુ ડેમ પાઈપ લાઈન માટે ૧૦૦ કરોડ , ૬૦૦૦ ગામોને લાભ

આદિજાતિ વિસ્તારમાં ૨૭,૬૦૦ વિસ્તાર સિંચાઈ માટે ૯૬૨ કરોડ, તાપી કરજણ લિફ્ટ પાઈપલાઈન માટે ૭૨૦ કરોડ, અંબિકા નદી પર રીચાર્જ પ્રોજેક્ટ માટે ૩૭૨ કરોડ

સૂરત જિલ્લાના ૨૩ હજાર ખેડૂતો માટે ૨૪૫ કરોડ, કરજણ જળાશય માટે ૨૨૦ કરોઠ, કડાણા જળાશય માટે ૩૮૦ કરોડ

**નર્મદા**

નર્મદા યોજના માટે ૬૫૯૫ કરોડ,મુખ્ય બંધના આનુષાંગિક કામો, પાવર હાઉસ જાળવણી, કેનાલ ઑટોમેશન,જમીન સંપાદન, નાના વીજમથકો, સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સંકલિત વિકાસ માટે ૨૬૦ કરોડ

**શિક્ષણ**

શિક્ષણના સર્વગ્રાહી વિકાસ માટે ૩૦,૦૪૫ કરોડઃ

નવા પાંચ હજાર વર્ગખંડો માટે ૪૫૪ કરોડ, દૂધ સંજીવની અને અન્ન ત્રિવેણી યોજના માટે ૧૦૧૫ કરોડ, બાળકોની ફી, યુનિફોર્મ, બૂટ, સ્કૂલ બેગ માટે ૩૪૧ કરોડ, વર્ચ્યૂઅલ કલાસ રૂમ માટે ૧૦૩ કરોડ

ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના માટે ૩૭૦ કરોડ, સરકારી કોલેજ, યુનિ ભવન માટે ૨૦૬ કરોડ, કોલેજના વિદ્યાર્થીઓને ટેબલેટ માટે ૨૫૨ કરોડ

**આરોગ્ય**

આરોગ્ય પરિવાર કલ્યાણ માટે ૧૦.૮૦૦ કરોડ

આયુષમાન ભારત જન આરોગ્ય યોજનાના ૪.૯૦ લાખ નાગરિકોને ૮૧૮ કરોડ ચૂકવાયાં: આ વર્ષે ૪૫૦ કરોડની જોગવાઈ,શહેરી વિસ્તાર આરોગ્ય તંત્રને સુદ્રઢ કરવા ૧૧૦ કરોડ, મા અને મા વાત્સલ્ય યોજના માટે સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલો માટે ૧૦૦૦ કરોડ, સરકારી હોસ્પિટલોમા વિનામૂલ્યે દવાઓ માટે ૫૦૦ કરોડ,સીઝનલ રોગ નિયંત્રણ માટે ૩૧૩ કરોડ, બાલ સખા રાજયવ્યાપી માટે ૮૫ કરોડ, પી.એચ.સી, સી.એચ.સી બાંધકામ માટે ૧૨૯ કરોડ

તબીબી શિક્ષણ માટે Mbbs 4800, dental 1240, pg pg diploma સુપર સ્પેશ્યાલીટી માટે ૧૯૪૪ બેઠકો ઉપલબ્ધ

રાજકોટ એઈમ્સ માટે ૨૦૦ એકર જમીન ફાળવણી આંતરમાળખાકીય સવલતો માટે ૧૦ કરોડ, નવી ૭૫૦ એમબીબીએસ બેઠકો માટે ૮૦ કરોડ, સૂરત ભાવનગર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે ૧૬૦ કરોડ, હોસ્પિટલોમાં ઓપીડી બિલ્ડિંગ અને નર્સિંગ બિલ્ડિંગ માટે ૧૧૬ કરોડ, ૧૦૮ની નવી ૧૦૦ એમ્બ્યૂલન્સ માટે ૧૮ કરોડ,

**માછીમારોને ફિશિંગ બોટ અને ડીઝલ પર વેટ સહાય માટે ૧૫૦ કરોડ જોગવાઈ**

કેરોસીન સહાય માટે ૧૮ કરોડની જોગવાઈહોડીઓના આધુનિકીકરણ અને GPRS સીસ્ટમ માટે ૬૦ કરોડ જોગવાઈ

મેટ્રો રેલ પ્રોજેક્ટને આગળ વધારવા માટે ૫૧૦ કરોડની જોગવાઈ

**મહિલા અને બાળ વિકાસ માટે ૩૧૩૮ કરોડની જોગવાઇ**

દીકરીઓના જન્મદરમાં વધારો કરવા વહાલી દીકરી યોજના નવી યોજના શરૂ કરાશે ૧૩૩ કરોડઃ જેમાં પ્રથમ ધોરણ પ્રવેશ સમયે ૪૦૦૦, નવમા ધોરણમાં આવે ત્યારે ૬૦૦૦ અને ૧૮ વર્ષની વયે ૧ લાખ અપાશે

આગણવાડીમાં પૂરક પોષણ માટે ૭૫૧ કરોડ, વિધવા પેન્શન માટે ૩૭૬ કરોડ, પૂર્ણા યોજના માટે ૮૭ કરોડ

**પાણી પુરવઠાની વિવિધ યોજના માટે ૪૩૦૦ કરોડ**

રીયૂઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ હેઠળ પ્રોજેક્ટ માટે ૧૯૯ કરોડ,આદિજાતિ વિસ્તારમા ૩૦૦૦ કરોડના કામો પ્રગતિમાં, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર મધ્ય ગુજરાતના ૪૩ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા માટે ૫૦૦ કરોડ, પાણી પુરવઠા ગ્રીડને સુદ્રઢ કરવા ૩૪૦ કરોડની જોગવાઈ

**સામાજિક ન્યાય અધિકારિતા ૪૨૧૨ કરોડની જોગવાઇ**

ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓને સહાય માટે ૬૦૧ કરોડ, આબેડકર આવાસ યોજના પંડિત દીનદયાળ આવાસ યોજના સહાય માટે ૧૮૬ કરોડ

ધોરણ નવમાં ભણતી કન્યાઓને સાયકલ આપવા ૭૪ કરોડ, કુંવરબાઈ મામેરા યોજના માટે ૩૫ કરોડ, સમરસ કુમાર છાત્રાલય માટે ૯ કરોડ

**સમાજ સુરક્ષા**

વૃદ્ધ પેન્શન સહાય યોજના માટે ૭૫૧ કરોડ, દિવ્યાંગો માટે ખાસ તાલીમ સેન્ટર, માનસિક બીમારીના પુનઃ સ્થાપન માટે ૫ કરોડ

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે રૂપિયા ૧૦૦૫ કરોડની જોગવાઈ**

૩૫૦ ગોડાઉનના અપગ્રેડેશન માટે રૂપિયા ૨૮ કરોડની જોગવાઈ.

એનેમિયા અને કુપોષણ નિવારણ માટે રાજ્યમાં ફોર્ટિફાઇડ ચોખાનું વિતરણ કરવાનું આયોજન છે. આ પાયલોટ પ્રોજેક્ટ નર્મદા જિલ્લામાં આ વર્ષે શરૂ કરવામાં આવશે જેના માટે રૂપિયા ૧ કરોડની જોગવાઈ.

સુગમ્ય ભારત યોજના અંતર્ગત ક્ષેત્રીય કચેરીમાં દિવ્યાંગો માટે સુવિધાઓ ઉભી કરવા ૩ કરોડની જોગવાઈ

**ગૃહ વિભાગ માટે ૬૬૮૭ કરોડની જોગવાઈ**

સેફ એન્ડ સિક્યોર ગુજરાત અંતર્ગત સર્વેલન્સ અને ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ ગોઠવવા રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઈ

પોલીસ તંત્રની નવી કચેરીઓ બાંધવા રૂપિયા ૧૫૫ કરોડ, પોલીસકર્મીના આવાસ બાંધવા રૂપિયા ૨૨૩ કરોડ તથા જેલ તંત્રના મકાનો અને આવાસો બાંધવા રૂપિયા ૧૦૯ કરોડ આમ કુલ રૂપિયા ૪૮૭ કરોડની જોગવાઈ.

રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રૂપિયા ૪૪ કરોડની જોગવાઈ

રાજ્યમાં આવેલ ઉદ્યોગો તેમ જ અતિ મહત્વપૂર્ણ મેટ્રો રેલ પ્રોજેક્ટની સુરક્ષા માટે ૨૪૦૦ પોલીસકર્મીઓ સાથેના રાજ્ય અનામત પોલીસ દળના ૨ નવા ગ્રુપ ઊભા કરવામાં આવશે.

**વન અને પર્યાવરણ વિભાગ માટે ૧૪૫૪ કરોડની જોગવાઈ**

એશિયાટિક સિંહોના સંરક્ષણ માટે નવા શેત્રુંજી ડીવિઝનની રચનાં ઉપરાંત અદ્યતન હોસ્પિટલ, એમ્બ્યુલન્સ, ષ્ષ્ઠંદૃ નેટવર્ક વગેરે માટે રૂપિયા ૧૨૩ કરોડની જોગવાઈ.

વન્ય પ્રાણીની લુપ્ત થતી પ્રજાતિઓના યોગ્ય રક્ષણ માટે ૧૧૨ કરોડની જોગવાઈ.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વન અને પર્યાવરણ અંગે વિવિધ સુવિધાઓના વિકાસ માટે રૂપિયા ૬૯ કરોડની જોગવાઈ.નાગરિક ઉડ્ડયન વિભાગ

સ્ટેચ્યુ ઓફ યુનિટી ના એરિયલ વ્યુ હેતુ હેલિકોપ્ટર સેવા માટે રૂપિયા ૧ કરોડની જોગવાઈ.

**યાત્રાધામ વિકાસ**

યાત્રાધામ ખાતે સ્વચ્છતાની જાળવણી માટે ૧૬ કરોડની જોગવાઈ,નર્મદા પરિક્રમા માટે આ વર્ષે રૂપિયા ૫ કરોડની જોગવાઈ

**કુટીર અને ગ્રામ ઉદ્યોગ**

વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત રૂપિયા ૩૦૪ કરોડની જોગવાઈ,માનવ કલ્યાણ યોજના હેઠળ ૨૮૦૦૦ નાના કારીગરો માટે રૂપિયા ૪૮ કરોડની જોગવાઈ

**પ્રવાસન વિભાગ**

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રવાસન ક્ષેત્રે સરેરાશ વાર્ષિક ૧૪ ટકાના વૃદ્ધિદર નોંધાયેલ છે પ્રવાસીઓને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રૂપિયા ૪૭૨ કરોડની જોગવાઈ.

પ્રવાસન નીતિ ૨૦૧૫ અંતર્ગત વિવિધ પ્રોત્સાહનો માટે રૂપિયા ૩૦ કરોડની જોગવાઈ.

જૂનાગઢના ઐતિહાસિક અને પ્રાચીન ઉપરકોટ કિલ્લાના વારસાના વિકાસ માટે રૂપિયા ૭ કરોડની જોગવાઈ

**ખાણ ખનીજ વિભાગ**

ગુજરાતમાં દુર્લભ તેમજ ભારે ખનીજોના સંશોધન માટે રૂપિયા ૩ કરોડની જોગવાઈ

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

ટેક્સટાઈલ ક્ષેત્રે સર્વાંગી વિકાસ હેતુ- પ્રોત્સાહન યોજના માટે રૂ ૧૫૦૦ કરોડની જોગવાઈ

MSME ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ અંતર્ગત રૂપિયા ૮૮૦ કરોડની જોગવાઈ

**માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે રૂપિયા ૬૦ કરોડની જોગવાઈ**

ભારત ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના માટે રૂ ૫૨ કરોડની જોગવાઈ, રાજ્યના યુવાવર્ગ માટેની સ્ટાર્ટઅપ યોજના અન્વયે રૂપિયા ૧૯ કરોડની જોગવાઈ

**કરવધારા દરખાસ્તો**

સ્વઉત્પાદિત કેપ્ટિવ વીજ વપરાશ કરતાં ઔદ્યોગિક એકમો પાસેથી લેવાતાં વીજ કર યુનિટ દીઠ ૫૫ પૈસાથી વધારીને ૭૦ પૈસા કરાયાં,સોગંદનામા અને નોટરીના લખાણના લેખો માટે સ્ટેમ્પ ડ્યૂટી ૨૦ રૂપિયાથી વધારીને રૂપિયા ૫૦ કરાઈ,દત્તકપત્ર, લગ્ન નોંધણી અને ભાગીદારી લેખને લગતા સ્ટેમ્પ ડ્યૂટી દર રૂપિયા ૧૦૦થી વધારીને ૨૦૦ કરાયો, ફિક્સ રકમવાળા લેખો ઉપર સ્ટેમ્પ ડ્યૂટી દર રૂપિયા ૧૦૦થી વધારીને રૂપિયા ૩૦૦ કરાઈ,સ્ટેમ્પ ડ્યૂટીના વધારાથી વાર્ષિક ૧૬૦ કરોડની આવક થશે.

**મુંબઈ જળબંબાકાર...**

શહેરના કેટલાક નીચાણવાળા વિસ્તારો આજે જળબંબાકાર બની ગયા હતા. પાણી ભરાઇ જવાના કારણે ભારે અંધાધુંધી ફેલાઇ ગઇ હતી. ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. હવામાન વિભાગના કહેવા મુજબ મુંબઇ અને આસપાસના વિસ્તારો તેમજ મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઇ રહ્યો છે.મુંબઇ અને આસપાસના વિસ્તારો માટે ભારે વરસાદને લઇને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત એરપોર્ટ, પવઇ, એસવી રોડ, વીરા દેસાઇ રોગ વિસ્તારમાં પાણી ભરાઇ ગયા છે. જુહુમાં પણ પાણી ભરાઇ ગયા છે. જે વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી તેમાં તમામ ભરચક રહેતા વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. વરસાદના પરિણામ સ્વરુપે ઉપનગરીય વિસ્તારોમાં લોકલ ટ્રેન સ્ટેશનો ઉપર જોરદાર ભીડ જામી હતી. વરસાદ બાદ ટ્રાફિકની હાલત કફોડી બની હતી. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી ૩૬ કલાક સુધી મુંબઈના દરિયાકાંઠાના વિસ્તારો અને ખાસ કરીને મુંબઈ, થાણે, રત્નાગીરી અને આસપાસના વિસ્તારોમાં અતિભારે વરસાદ થઈ શકે છે. ભારે વરસાદની ચેતવણી બાદ તંત્ર સાબદુ થઇ ગયું છે. પાલઘરમાં ભારે વરસાદના લીધે રેલવે ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા છે. યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને અનેક ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે. ભારે વરસાદથી હિંદમાતા, સાયન, કુર્લા, બાંદરા, દાદર, કિંગ સર્કલ, એરિયા, ચેમ્બુરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદી પાણી લોકોના ઘરમાં ઘુસી ગયા હતા. પાલઘરમાં રેલવે ટ્રેક પર પાણી જમા થવાના કારણે રેલવે સેવા ખોરવાઇ ગઇ હતી. કેટલીક ટ્રેનોને રદ કરવાની ફરજ પડી હતી. મુંબઈ અને આસપાસના વિસ્તારમાં ગુરૂવારના દિવસે રાત્રી ગાળાથી જ ભારે વરસાદ થઈ રહ્યો છે. યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને મુંબઇ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ સહિત કેટલીક ટ્રેનોને રદ કરવામાં આવી છે અથવા તો તેમના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. સુરક્ષાના કારણોસર કેટલીક ટ્રેનો હાલમાં ધીમી ગતિથી ચાલી રહી છે. કેટલીક ટ્રેનોને રોકી દેવાની ફરજ પડી છે. સવારમાં ભારે વરસાદના કારણે લોકો જુદી જુદી જગ્યાએ અટવાઇ પડ્યા હતા. ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઇ ગયુ છે.મુંબઇમાં છેલ્લા પાંચ દિવસથી અતિ ભારે વરસાદ થઇ રહ્યો છે. હાલમાં લોકોને કોઇ રાહત મળે તેવી શક્યતા નહીંવત છે. કારણ કે ભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારમાં એનડીઆરએફ અને અન્ય ટીમો લાગેલી છે. હાલમાં એરપોર્ટના મુખ્ય રનવેને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**મલાડ ઈસ્ટ, કલ્યાણ...**

મુંબઈમાં છેલ્લાં ૪૮ કલાકમાં ૨૧.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. પાલઘર અને નાલાસોપારા રેલવે સ્ટેશન પર મૂશળધાર વરસાદના કારણે પૂર આવ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. દવાખાનાઓમાં પણ પાણી ભરાઈ જવાના કારણે દર્દીઓને ખૂબ જ તકલીફ પડી રહી છે. મહારાષ્ટ્રમાં ત્રણ અલગ-અલગ જગ્યાએ દીવાલ પડતા ૨૧ લોકો મોતને ભેટ્યા છે. મલાડ ઈસ્ટમાં ૧૮, પુણેના સિંહગઢ કોલેજની દિવાલ પડતા છ લોકોના મોત નિપજ્યા છે. કલ્યાણમાં પણ દિવાલ પડતા ત્રણ લોકોએ અંતિમ શ્વાસ ભર્યા હતા. આ તમામ દુર્ઘટનાઓ સોમવારે મોડી રાત્રે બની હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મૃતકોના પરિવારજનોને પાંચ-પાંચ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે. દરિયાની ભરતી અને સતત વરસાદને કારણે રસ્તાઓ પાણીપાણી થઈ જતાં મુંબઈનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવામાનની આગાહી કરનાર ખાનગી સંસ્થા સ્કાયમેટે જણાવ્યું હતું કે મુંબઈમાં ત્રણ અને પાંચ જુલાઈ વચ્ચે પૂરનું જોખમ રહેલું છે. કૂર્લા ઉપનગરમાં તો લશ્કરની મદદ લેવી પડી હતી. કેટલાંય સ્થળોએ જૂનાં મકાનોની દિવાલ ધસી પડી હતી તો કેટલાંક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયાં હતાં. વરસાદને કારણે ઠેરઠેર ચક્કાજામની સ્થિતિ સર્જાઇ હતી. પુણે અને પશ્ચિમ મહારાષ્ટ્ર તરફ જતી લાંબા અંતરની ટ્રેનોનો વ્યવહાર ખોરંભાયો છે. ગુજરાતથી મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. મુંબઈ એરપોર્ટ પર પણ ભારે વરસાદના કારણે માઠી અસર પડી છે. ભારે વરસાદના કારણે ૫૪ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

**વિજય માલ્યાના...**

માલ્યાએ કોર્ટમાં અપીલ કરી હતી કે તેને ભારતમાં પ્રત્યર્પિત કરવામાં ન આવે. અગાઉ બંધ થઈ ચુકેલી ઉડ્ડયન કંપની કિંગફિશર એરલાઈનના પ્રમુખ માલ્યાએ હાઈકોર્ટમાં અપીલ માટે પહેલા લેખિત પ્રયાસમાં પરવાનગી મેળવવામાં નિષ્ફળ રહ્યા બાદ એક નવી અરજી દાખલ કરી હતી. નવા નિવેદનમાં ન્યાયાલયના જજ સમક્ષ મૌખિક સુનાવણી થાય છે. માલ્યાનો વકીલ આ સુનાવણીમાં નવી પૂર્ણ અપીલ દાખલ કરવાની પરવાનગી મેળવવા માટે પ્રયાસ કરશે જેની સુનાવણી આજે યોજાનાર છે.

મારૂ જુનુ નામ મેહુલ ભરત વાઘ (WAGH) હતુ બદલીને મેહુલ ભરત વાઘ (VAGH) કરેલ છે.
બી-૧૨, અવંતી પાર્ક સોસાયટી, દંતેશ્વર, વડોદરા.

**જાહેર નિવિદા નં.૧૨/૨૦૧૯-૨૦**
**ઉત્તર વન વિભાગ, ડાંગ આહવા**

ઉત્તર વન વિભાગ, ડાંગ આહવાના કાર્યવિસ્તારમાં જુદી જુદી રેંજ કાર્યવિસ્તાર માટે "બ" પ્રકારના હદબાણ જુદી જુદી યોજના હેઠળ કુલ: ૧૧૦૦ નંગ બનાવવાની કામગીરી માટે રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો/કોન્ટ્રાક્ટરશ્રીઓ પાસેથી નીચે પ્રમાણેની કામગીરીના ભાવો રજી.પો.એ.ડી.થી તા.૧૧-૦૭-૨૦૧૯ સુધીમાં મંગાવવામાં આવે છે.

વર્ષ: ૨૦૧૯-૨૦

| અ.નં. | આઈટમ | યુનિટ | કન્ટજન્સી સિવાયની રકમ |
|---|---|---|---|
| ૧ | "બ" પ્રકારના હદબાણ બનાવવાની, સ્થળબેઠા ફીટીંગ, કલરીંગ, નંબરીંગ કરવા સહિતની કામગીરી | ૧ | 2598.66 |

સરનામું:
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
ઉત્તર વન વિભાગ, ડાંગ આહવા
પેટ્રોલ પંપ સામે, તા.આહવા
જિ.ડાંગ પીન. ૩૯૪૭૧૦

નાયબ વન સંરક્ષક
ઉત્તર વિભાગ, ડાંગ આહવા

માહિતી/ડાંગ/૮૧/૨૦૧૯-૨૦

**Lost & Found**
I Dr. Neelam Kumari Sahu Would Like to inform that I have misplaced my MBBS, GMC Registeration Certificate No.-G-60074 From My hostel in sun pharma opposite kuber Bhavan, Vadodara, If any one Finds, Kindly Contact on - 9714927620.

**મોચી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ-વડોદરાની સામાન્ય સભા**
તા.૦૭-૦૭-૨૦૧૯ બપોરના ૧૧.૦૦ થી ૧૨.૦૦ના સમય દરમિયાન રાખેલ છે. જેમાં વાર્ષિક સભ્ય ફી રૂા.૨૫૦/- અને આજીવન સભ્ય ફી રૂા.૨૫૦૦/- રાખેલ છે. સભ્ય થવા ઈચ્છતા હોય તે સર્વેને મીટિંગમાં હાજર રહેવાનું નિમંત્રણ છે. દરેકના વાંધા-સુચન સભા દરમ્યાન આવકાર્ય છે. - પ્રમુખ : ધનશ્યામ ચૌહાણ

**Axel Polymers Limited**
CIN: L25200GJ1992PLC017678
Regd. Off: S. No. 309, Vil. Mokshi, Tal Savli, Dist Vadodara 391780
Telefax: +91 2667 244395, Website: www.axelindia.com Email: cs@axelindia.com

**PUBLIC NOTICE**

Pursuant to the Securities and Exchange Board of India (SEBI) Circular No. SEBI/ HO / MIRSD/ DOS3/CIR/P/2018/ 139 dated 06-11-2018, Notice is hereby given that the following Equity Share Certificate(s) of the Company were lodged by the Transferee for transfer of Shares contained therein in their respective name(s).

| Folio No. | Transferor's Name | Certi. No(s) | Distinctive Nos. | No. of Shares | Transferee's Name |
|---|---|---|---|---|---|
| 0001879 | Kiran M. Atara | 20783 | 1778201 - 1778300 | 100 | Bharati Rajendra Thaker |
| 0001879 | Kiran M. Atara | 20784 | 1778301 - 1778400 | 100 | Bharati Rajendra Thaker |
| 0001850 | Kamal Bhatt | 20743 | 1774201 - 1774300 | 100 | Bharati Rajendra Thaker |
| 0019421 | Manjit Singh Bhatia | 21579 | 1857801 - 1857900 | 100 | Atul Nahar |

Any person(S) having a claim in respect of the said Certificate(s) mentioned above, should immediately send full details with documentary evidence of the claim to the Company so as to reach the Company within thirty(30) days from the date of publication of this Notice, failing which, the Company will proceed for transfer of above referred shares in favor of Transferee, as the case may be, without further information, A published copy of this Notice is being posted on Company's website at www.axelindia.com.

Date: 2nd July, 2019
Place: Mokshi

For Axel Polymers Limited
Sd/-
Jigardan Gadhavi (CS)